"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૪/૦૩/૨૦૧૭

તંત્રી શ્રી, _______________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## સુરત, ગુજરાતમાંથી સૌ પ્રથમ વખત હૃદય ૧૬૧૫ કિ. મી નું અંતર ૧૫૫ મીનીટમાં કાપીને ચેન્નાઈ, તામિલનાડુમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું.

## નગર પ્રાથમિક શાળા નં. ૨૮૫માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા જાગૃતિ પરિમલ ભગતે તેમના બ્રેનડેડ પતિ પરિમલ મૂળજીભાઈ ભગતના કીડની અને હૃદયનું દાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ : પરિમલ મૂળજીભાઈ ભગત ઉ. વ. ૪૩ બ્લડ ગ્રુપ: A+VE

વ્યવસાય : અડાજણમાં ક્ષેત્રપાળ ડ્રીસ્ટીબ્યુટરના નામથી દાસકાકાના ફરસાણની એજન્સી ધરાવતા હતા.

રહેવાસી : ૭૪ શ્રીધર સોસાયટી, પંચવટી સોસાયટીની બાજુમાં, ટેસ્ટી રેસ્ટોરન્ટની સામે, જહાંગીરપુરા, ઓલપાડ રોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: તાંદલજા, તા: બોડેલી, જી: છોટાઉદેપુર

કૌટુંબિક વિગત : પત્ની : જાગૃતિ પરિમલ ભગત ઉ. વ. ૪૩

કોસાડમાં આવેલ નગર પ્રાથમિક શાળા નં.૨૮૫માં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

પુત્રીઓ : ૧. રિધ્ધિ પરિમલ ભગત ઉ. વ. ૦૭

નરથાણમાં આવેલ સંસ્કાર કુંજશાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરે છે.

૨. સિધ્ધિ પરિમલ ભગત ઉ. વ. ૦૭

નરથાણમાં આવેલ સંસ્કાર કુંજશાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરે છે.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

ગુરુવાર તા: ૦૨ માર્ચ, ૨૦૧૭ ના રોજ પરિમલભાઈએ સવારે પાંચ કલાકે માથામાં દુ:ખાવાની ફરિયાદ કરતાં તેમના પત્ની જાગૃતિબેને તેમને માથા ઉપર વિક્સ લગાડી રૂમાલ બાંધી આપ્યો હતો. સવારે ૭:૦૦ કલાકે તેઓ કોસાડમાં આવેલ નગર પ્રાથમિક શાળા નં. ૨૮૫માં તેમની ફરજ પર ચાલ્યા ગયા હતા. સવારે ૯:૦૦ કલાકે પરિમલભાઈના માતાપિતાએ તેમને જગાડવાની કોશિશ કરતાં તેઓ જાગ્યા નહોતા. તેથી તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં સવારે ૧૦:૩૦ કલાકે ડૉ. નિલય દેસાઈની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. CT સ્કેન કરાવતા તેના રીપોર્ટમાં મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

ગુરુવાર તા: 3 માર્ચના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. રોશન પટેલે પરિમલભાઈ ને બ્રેનડેડ જાહેર કર્યા.

BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલના ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ.ચેતન મહેતાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પરિમલભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી પરિમલભાઈના પત્ની જાગૃતિબેન, સાળા કનૈયાભાઈ ભગત, ભાભી ગાર્ગી ભગતને અંગદાનનું મહત્વ અને અંગદાન પ્રકિયા સમજાવી.

પરિમલભાઈના પત્ની જાગૃતિબેને જણાવ્યું કે મારા પતિ બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે અને તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરીને કિડની અને હૃદય નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહનો સંપર્ક કરી કીડનીનું દાન લેવા આવવા માટે જણાવ્યું જયારે હ્રદયના દાન માટે અમદાવાદમાં આવેલ સ્ટર્લીંગ હોસ્પીટલ અને CIMS હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટેના દર્દી ન હોવાના કારણે હૃદયના દાન માટે મુંબઈ

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર ઉર્મિલાનો સંપર્ક કર્યો, પરંતુ ત્યાં પણ હૃદય ટ્રાન્સપ્લાન્ટના દર્દી ન હોવાને કારણે દિલ્હી નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશનના (NOTTO) ડાયરેક્ટર ડો. વિમલ ભંડારી અને ડૉ. સુરેશ બધાનનો સંપર્ક કર્યો. તેઓએ દિલ્હીમાં પણ A+VE બ્લડગ્રુપનો કોઈ દર્દી ન હોવાને કારણે તામિલનાડુના નેશનલ નેટવર્ક ઓફ ઓર્ગન શેરીંગ કો.ઓર્ડીનેટર અંજનાનો સંપર્ક કર્યો. અંજનાએ નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી પરિમલભાઈના રીપોર્ટસ મેળવ્યા. તામિલનાડુમાં A+ve બ્લડગ્રુપ ધરાવતો હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટેનો કોઈ ભારતીય દર્દી નહોતો પરંતુ UAE ની નાગરિકતા ધરાવતી એક ૧૪ વર્ષની દીકરી નું નામ ચેન્નાઈની ફોર્ટીસ મલાર હોસ્પીટલમાં નોંધાયેલ હતું તેથી ફોર્ટીસ મલારે NOTTO ને આ વિદેશી નાગરિકતા ધરાવતી વ્યક્તિને હૃદય આપી શકાય કે કેમ તે અંગે પુછતા NOTTO ના ડાયરેક્ટર ડૉ. વિમલ ભંડારીએ જણાવ્યું કે માનવીનું જીવન એ જીવન છે. પછી એ કોઈ પણ દેશનો હોય. આજે ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી અને તામિલનાડુમાં A+ve બ્લડગ્રુપ ધરાવતો હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટેનો કોઈ દર્દી ન હોવાને કારણે ઓર્ગન વેડફાઈ જાય તેના કરતા કોઈ પણ વ્યક્તિને નવું જીવન મળે તો ભલે કોઈ વિદેશી વ્યક્તિને મળે.

આમ NOTTO તરફથી કોઈ વિદેશી વ્યક્તિને હૃદય શકાય તેની મંજુરી મળતા ચેન્નાઈની ફોર્ટીસ મલાર હોસ્પીટલના ડૉ. ગણેશન, ડૉ. એસ. કે. ચોધરી, ડૉ. મુરલી ક્રિષ્નાએ સુરત આવી હૃદયનું દાન સ્વીકાર્યું, જ્યારે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડનીનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલું હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ **United Arab Emirates** (UAE) ની રહેવાસી કુમારી ખાદીજા અબ્દુલ્લા ઓબીદાલ્લા ઉ. વ. ૧૪માં ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. કે. આર. બાલાક્રિશ્નન અને તેમની ટીમ દ્વારા ચેન્નાઈની ફોર્ટીસ મલાર હોસ્પીટલ ખાતે કરવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલ બન્ને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ચાલી રહ્યું છે.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં પરિમલભાઈના પત્ની જાગૃતિબેન, ભાઈ નિમિશ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડો. રોશન પટેલ, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. ચેતન મહેતા, BAPS હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, દેવેશ ભરૂચા, ડેનીશ સતાસિયા, નિમિત પટેલ, ડેનીશ છોવાલા, અંકિત પટેલ, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, યોગેશ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૮૯ કિડની, ૭૦ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૯ હૃદય અને ૧૬૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૩૭ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો. સુરત એરપોર્ટ ઉપર નાઈટ લેન્ડીંગ અને ટેકઓફની સુવિધા ન હોવા છતાં મળસ્કે ૩:૩૦ કલાકે લેન્ડીંગની પરવાનગી સુરત એરપોર્ટ ઓથોરીટીના ડાયરેક્ટર પ્રમોદ કુમાર ઠાકરેના સહકારથી આપવામાં આવી હતી.

**<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>**

૧. સવારે ૯:૩૦ કલાકે ડૉ. ચેતન મેહતાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પરિમલભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨. સવારે ૧૧:૦૦ કલાકે ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોચી પરિમલભાઈના પત્ની જાગૃતિબેન અને પરિવારના અન્ય સભ્યો સાથે કાઉન્સીલીંગ શરૂ કર્યુ.

૩. સવારે ૧૧:૩૦ કલાકે નિલેશ માંડલેવાલાએ IKDRC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહનો સંપર્ક કરી કીડનીનું દાન લેવા આવવા માટે જણાવ્યું.



| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



૪. સવારે ૧૧:૪૦ કલાકે નિલેશ માંડલેવાલાએ અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. તુષાર પટેલનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું

૫. બપોરે ૧૧:૪૫ કલાકે નિલેશ માંડલેવાલાએ અમદાવાદની CIMS હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. ધવલ નાયકનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૬. બપોરે ૦૧:૦૦ કલાકે અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પીટલ અને CIMS હોસ્પીટલમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ ના દર્દી ન હોવાને કારણે મુંબઈની ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર ઉર્મિલાનો સંપર્ક કરી હૃદયના દાન માટે જણાવ્યું.

૭. બપોરે ૦૧:૫૦ કલાકે મુંબઈમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ ના દર્દી ન હોવાને કારણે દિલ્હીમાં NOTTO ના ડાયરેક્ટર ડો. વિમલ ભંડારી અને ડો. સુરેશ બધાનનો સંપર્ક કરવામાં આવ્યો.

૮. બપોરે ૦૩:૩૦ કલાકે તામિલનાડુના નેશનલ નેટવર્ક ઓફ ઓર્ગન શેરીંગ કો.ઓર્ડીનેટર અંજનાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો સંપર્ક કર્યો.

૯. સાંજે ૦૫:૨૫ કલાકે તામિલનાડુના નેશનલ નેટવર્ક ઓફ ઓર્ગન શેરીંગ કો.ઓર્ડીનેટર અંજનાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી જણાવ્યું કે ચેન્નાઈની ફોર્ટીસ મલારને હૃદયનું દાન સુરત લેવા આવવા મંજુરી આપવામાં આવી છે.

૧૦. સાંજે ૦૫:૩૦ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ કિડનીનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવી.

૧૧. રાત્રે ૦૮:૧૯ કલાકે ચેન્નાઈની ફોટીસ મલાર હોસ્પીટલના સતીશે નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી ચાર્ટર વિમાન દ્વારા તેઓની ટીમ હૃદયનું દાન સ્વીકારવા ચેન્નાઈ થી સુરત આવશે.

૧૨. રાત્રે ૦૮:૨૬ કલાકે નિલેશ માંડલેવાલાએ એરપોર્ટ ઓથોરીટીના ડાયરેક્ટર પ્રમોદકુમાર ઠાકરેનો સંપર્ક કરી નાઈટ લેન્ડીંગની પરમીશન માંગી.

૬...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૧૩. રાત્રે ૦૮:૫૦ કલાકે નિલેશ માંડલેવાલાએ ગુજરાતની ટ્રાન્સપ્લાન્ટ ઓથોરાઈઝેશન કમિટીના ચેરમેન ડૉ. પ્રભાકરનો સંપર્ક કરી ચેન્નાઈની ફોર્ટીસ મલાર હોસ્પિટલથી હૃદયનું દાન સ્વીકારવા ડોકટરોની ટીમ સુરત આવી રહી છે તેની જાણકારી આપી.

૧૪. રાત્રે ૧૦:૫૪ કલાકે આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર ટ્રાફિક શ્રી ચોપરા અને શ્રી પરમાર સાથે ગ્રીન કોરીડોર માટે ચર્ચા કરી.

૧૫. ૦૧:૪૫ કલાકે ડૉ. ગણેશન, ડૉ. એસ. કે. ચોધરી, ડૉ. મુરલી ક્રિષ્ના ચેન્નાઈ એરપોર્ટ થી સુરત આવવા રવાના થયા.

૧૬. ૦૩:૪૫ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૧૭. ૦૪:૦૧ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ સુરત એરપોર્ટથી BAPS પ્રમુખ સ્વામી હોસ્પિટલ જવા રવાના થયા.

૧૮. ૦૫:૧૫ કલાકે કેડેવર ઓર્ગન ડોનર પરિમલ મૂળજીભાઈ ભગતને ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કર્યા.

૧૯. ૦૮:૦૦ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી BAPS પ્રમુખ સ્વામી હોસ્પિટલથી સુરત એરપોર્ટ જવાના રવાના થયા.

૨૦. ૦૮:૧૫ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૨૧. ૦૮:૨૦ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર વિમાનમાં ડૉ. ગણેશન અને તેમની ટીમ હૃદય લઇ ચેન્નાઈ જવાના રવાના થયા.

૨૨. ૧૦:૨૦ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ ચેન્નાઈ એરપોર્ટ પહોચ્યા.

૨૩. ૧૦:૨૪ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ ચેન્નાઈ એરપોર્ટથી ફોર્ટીસ મલાર હોસ્પિટલ જવા રવાના થયા.

૭...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૨૪. ૧૦:૩૫ કલાકે ડૉ. ગણેશન અને તેમની ટીમ ફોર્ટીસ મલાર હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ **United Arab Emirates (UAE)**ની રહેવાસી કુમારી ખાદીજા અબ્દુલ્લા ઓબીદાલ્લા ઉ. વ. ૧૪માં ડૉ. કે. આર. બાલાક્રિશ્નન અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૪ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ નવમો કિસ્સો છે. ગુજરાતમાંથી તામિલનાડુમાં હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટનો આ પ્રથમ બનાવ છે, જેનું શ્રેય સુરતને જાય છે.

સુરત BAPS પ્રમુખ સ્વામી હોસ્પિટલથી ચેન્નાઈ ફોર્ટીસ મલાર હોસ્પિટલ સુધીનું ૧૬૧૫ કિ. મી નું અંતર ૧૫૫ મીનીટમાં કાપીને હૃદય **United Arab Emirates (UAE)** ની રહેવાસી કુમારી ખાદીજા અબ્દુલ્લા ઓબીદાલ્લા ઉ. વ. ૧૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**